આંક–૬

**ઓથોરીટી, પેમેન્ટ ઓફ વેજીસ એકટ, લેબર કોર્ટ નં.૧, સુરત સમક્ષ**

પેમેન્ટ ઓફ વેજીસ અરજી નં.૭૨૧/૨૦૦૯

સુબાસ પાણીગ્રાહી માગુન પ્રાણીગ્રાહી
ધરતીનગર, રૂમ નં.૧૫૮,
અશ્વનીકુમાર રોડ, સુરત. અરજદાર

**વિરૂધ્ધ**

મોનેકો ફેબ્રીકસ,
ભરતકુમાર ભગવાનભાઈ પટેલ
બચકાનીવાલા કંપાઉન્ડ, વોર્ડ નં.૧૮ સી,
હરીનન્દન સો. ની બાજુમાં, કાપોદ્રા, સુરત. સામાવાળા

વિષય :– પગાર ચુકવણી ધારાની કલમ ૧૫ હેઠળની અરજી.

અરજદાર તરફે : યુનિ. પ્રતિ. શ્રી રવિભાઈ ચૌધરી.
સામાવાળા તરફે : કોઈ નથી.

**<u>–:: હુ ક મ ::–</u>**

**1.** સદર કામ આજ રોજ બોર્ડ ઉપર હોય વંચાણે લીધું. સદર કામમાં અરજદારે હાલની અરજી તા.૨૯–૧૨–૦૯ નારોજ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. ત્યારબાદ સામાવાળાને રજી. એડી. ધ્વારા ધોરણસરની નોટીસ મુદૃત તા.૮/૩/૧૦ નારોજની કાઢવામાં આવેલી, જે પોસ્ટ ખાતાના ''અનકલેઈમ''ના શેરા સાથે પરત થયેલાનું રેકર્ડ ઉપર જણાય આવે છે. ત્યારબાદ અરજદાર તરફે સામાવાળાને નોટીસની બજવણી સારૂ પ્રયત્ન કરેલ હોય કે, તેઓએ સદર સામાવાળાને નોટીસની બજવણી અંગેની કોઈ કાર્યવાહી કરેલાનું રેકર્ડ ઉપરથી જણાય આવતુ નથી. અરજદારના પ્રતિ. શ્રીએ આંક–૫ થી મુદૃત અરજી આપેલી છે. ત્યારબાદ તેઓએ હાજર રહી આ કામે કોઈ રજુઆત કરેલ નથી કે, સામાવાળાને નોટીસની બજવણી સારૂ કોઈ કાર્યવાહી કરેલ નથી કે, સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં કોઈ

રસ દાખવેલ હોવાનું જણાય આવતુ નથી.

**2.** સદર કામનું રોજકામ રેકર્ડ જોતાં સદર કેસ સામાવાળાને નોટીસની બજવણી સારૂ તથા અરજદારના પુરાવા માટે રહેલ છે, તેમ છતાં સદર કામે અરજદારે જાતે કે, તેમના પ્રતિ.શ્રીએ હાજર રહી આગળની કોઈ કાર્યવાહી કરેલી નથી. અરજદાર પક્ષને સામાવાળાને નોટીસની બજવણી સારૂ અને તેમના પુરાવા રજુ કરવા જરૂરી તકો આપવામાં આવેલી છે. આમ છતાં સદર કામે અરજદાર પક્ષે સામાવાળાને નોટીસ બજવણી સારૂ કે, તેઓના કોઈ પુરાવાઓ રજુ કરવા રસ દાખવેલ નથી. તેમજ સદર કેસ ઘણો જૂનો હોવા છતાં અરજદાર પક્ષે હાજર રહી કોઈ કાર્યવાહી કરેલી ન હોય, સામાવાળાને નોટીસની બજવણીના તથા તેઓના પુરાવાના અભાવે અરજદાર તેમની અરજી પુરવાર કરવામાં અસફળ રહેલા હોય ન્યાય ના હિતમાં નીચે મુજબ આપવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આથી, અરજદાર સુબાસ પાણીગ્રાહી માગુન પ્રાણીગ્રાહી પે.વે. અ. નં.૭૨૧/૨૦૦૯ ડિસમિસ ફોર ડિફોલ્ટ કરવામાં આવે છે.

અરજીના ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તા. ૧ લી ડીસેમ્બર, ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : સુરત
તારીખ : ૦૧/૧૨/૨૦૧૮.

(જયેશકુમાર લક્ષ્મણભાઈ શ્રીમાળી)
CODE : GJ-00672,
ઓથોરીટી, પેમેન્ટ ઓફ વેજીસ એકટ,
લેબર કોર્ટ નં.૧, સુરત.

D.N.BHATNAGAR,P.A.